Extra No. 286

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, OCTOBER 26, 2006 /KARTIKA 4, 1928

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION**

**Ahmedabad 380 009**

Distribution Code (First Amendment), 2006

**No. GERC/TECH-I/2296/2006** **Date: 26th October, 2006**

**NOTIFICATION**

In exercise of the powers conferred under Section 86(c), (e) and (i) of the Electricity Act, 2003 (Act 36 of 2003) and under section 42(b) of the Gujarat Electricity Industry (Reorganisation and Regulation) Act, 2003 (Gujarat Act 24 of 2003) and all powers enabling it in that behalf, the Gujarat Electricity Regulatory Commission hereby amend the Distribution Code (No.6 of 2004), the principal Code.

1. Short Title, Extent and Commencement

(1) This Code may be called the Gujarat Electricity Distribution Code (First Amendment), 2006.
(2) This Code shall come into force on the date of their publication in the Gazette.

2. Amendment to section 3.3.1 of the principal code:
Section 3.3.1 of the principal code shall be substituted as under:-

"3.3.1

The chairperson and members shall be part time members of the panel. The review panel shall generally consist of the following members and having knowledge and practical experience of technical matters related to electricity supply by utilities. **The Chairperson of the Distribution Code Review Panel shall be from GETCO. GERC shall nominate the Member-secretary of the Distribution Code Review Panel on rotation basis from amongst the members of the Distribution Licensees.**

The members of the review panel shall be as follows:

(a) One senior technical officer from each Distribution Licensee.

(b) One Member from State Transmission Utility (STU) or SLDC.

(c) One Member from a Transmission Licensee to represent all Transmission Licensees. After the tenure over, such Member, the representative of a different Transmission Licensee will be a member of review panel.

(d) One Member from among Captive Power Plants, co-generation units, conventional and non-conventional generating units, to represent all such Users in Gujarat State. On completion of tenure, the Member shall be replaced by another person belonging to a different Distribution Licensee's territory.

GERC shall develop a list of potential candidates to serve on the Distribution Code Review Panel, which reflects a balance of the various interest groups in consultation with the Distribution Licensee."

3. Amendment to section 7.1.1 of the principal code:
Section 7.1.1 of the principal code shall be substituted as under:-

"7.1.1

This section specifies the procedure for metering in Distribution System with respect to operational metering as well as tariff and commercial metering. This section also specifies the general guidelines for protection of Distribution system.

**Provided that the regulations on installation and operation of meters made by Central Electricity Authority shall prevail over provisions 7.2 to 7.4 of Distribution Code."**

**P. S. SHAH,**
SECRETARY

AHMEDABAD.
Date: 26th October, 2006.

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**પહેલો માળ, નેપચ્યુન ટાવર, આશ્રમ રોડ,**
**અમદાવાદ. તારીખ  ૨૬મી ઓક્ટોબર,૨૦૦૬**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે પ્રસિદ્ધ કરેલ ગુજરાત વીજળી વિતરણ સંહિતા (પ્રથમ સુધારો) ૨૦૦૬ના જાહેરનામા નંબર.જીઇઆરસી/ટેક.૧/૨૨૯૬/૨૦૦૬, તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

**પી.એસ.શાહ,**
**સચિવ.**

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
## વિતરણ સંહિતા (પ્રથમ સુધારો) ૨૦૦૬

નં.જીઇઆરસી/ટેક.૧/૨૨૯૬/૨૦૦૬
તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૦૬

## જાહેરનામુ

૨૦૦૩ના વીજળી અધિનિયમની (૨૦૦૩ નો અધિનિયમ ૩૬ ) કલમ ૮૬ સી.ઇ અને આઇ અન્વયે તથા ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ,૨૦૦૩ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ ૨૪) કલમ ૪૨ બી અન્વયે સોંપેલી સત્તાઓ તથા આ અંગે તેમને સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, અહીં આ વિતરણ સંહિતા (૨૦૦૪ નું જાહેરનામુ નં.૬) મુખ્ય વિતરણ સંહિતામાં સુધારો કરે છે.

૧. **ટૂંકું શીર્ષક, વ્યાપ્તિ અને પ્રારંભ :**

(૧) આ સંહિતા "ગુજરાત વીજળી વિતરણ સંહિતા ( પ્રથમ સુધારો) ૨૦૦૬" કહેવાશે.
(૨) આ સંહિતા રાજયપત્રમાં તેની પ્રસિદ્ધની તારીખથી અમલમાં આવશે.

૨. **મુખ્ય વિતરણ સંહિતાની કલમ ૩.૩.૧ માં સુધારો**

મુખ્ય સંહિતાની કલમ ૩.૩.૧ નીચે મુજબ ફેર બદલી કરવી.

"૩.૩.૧"

અધ્યક્ષ અને સભ્યો પેનલના અંશકાલિન સભ્યો રહેશે. સમીક્ષા પેનલમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે, જેઓ વપરાશકર્તાઓ દ્વારા વીજ-પુરવઠા સાથે સંકળાયેલ ટેકનિકલ બાબતોની જાણકારી અને વ્યવહારૂ અનુભવ ધરાવતાં હોવા જોઈશે. વિતરણ સંહિતા સમીક્ષા પેનલના અધ્યક્ષ GETCO ના રહેશે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિતરણ પરવાનેદારોના સભ્યો પૈકીમાંથી વારાના ધોરણે વિતરણ સંહિતા સમીક્ષા પેનલના સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરશે. સમીક્ષા પેનલના સભ્યો નીચે મુજબ રહેશે.

(ક) દરેક વિતરણ પરવાનેદારમાંથી એક સિનીયર ટેકનિકલ અધિકારી.

(ગ) તમામ પરવાનેદારોનું પ્રતિનિધીત્વ કરવા પ્રવાહન પરવાનેદારમાંથી એક સભ્ય મુદત પૂરી થયા પછી, આવા સભ્ય, વિવિધ પ્રવાહન લાઈસન્સના પ્રતિનિધિ, સમીક્ષા પેનલના સભ્ય બનશે.

(ઘ) કેપ્ટિવ પાવર પ્લાન્ટ, સહ-વીજઉત્પાદન એકમો, પરંપરાગત અને બિનપરંપરાગત એકમોમાંથી, ગુજરાત રાજયના આવા તમામ વપરાશકર્તાઓનું પ્રતિનિધત્વ કરવા એક સભ્ય લેવામાં આવશે. મુદત પુરી થયેથી, એ સભ્યની જગ્યાએ, બીજા વિતરણ પરવાનેદારના પ્રદેશની એક બીજી વ્યક્તિને લેવામાં આવશે.
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિતરણ પરવાનેદારો સાથે ચર્ચા-વિચારણા કરીને, વિવિધ હિત ધરાવતાં જૂથોનું સંતુલન પ્રતિનિધિત્વ કરતી, વિતરણ સંહિતા સમીક્ષા પેનલ પર કામ કરે તેના સંભવિત ઉમેદવારોની યાદી તૈયાર કરશે.

૩. મુખ્ય સંહિતાની કલમ ૭.૧.૧ માં સુધારો

મુખ્ય સંહિતાની કલમ ૭.૧.૧ નીચે મુજબ ફેરબદલ કરવી.
"૭.૧.૧"

આ વિભાગમાં સંચાલન મીટર તેમજ પ્રશુલ્ક અને વાણિજ્યિક મીટર ગોઠવવા સંબંધમાં વિતરણ પદ્ધતિમાં મીટર ગોઠવવા માટેની કાર્યપદ્ધતિ દર્શાવવામાં આવી છે. વળી આ વિભાગ વિતરણ પદ્ધતિની સલામતી માટેની સામાન્ય માર્ગદર્શક સુચનાઓ દર્શાવે છે.

પરંતુ વિતરણ સંહિતાની કલમ ૭.૨ થી ૭.૪ પર સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી (CEA) એ ઘડેલા મીટર સ્થાપન અને મીટર સંચાલન ( Installation & Operation ) વિનિયમોની જોગવાઈ લાગુ પડશે.

અમદાવાદ.
તા.૨૬ ઓક્ટોબર,૨૦૦૬.

પી.એસ.શાહ,
સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.